## એસ. કે. પટેલ સ્કૂલમાં પેપર ક્રમ્બલિંગ એક્ટિવિટી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલમાં પેપર ક્રમ્બલિંગ એક્ટિવિટી યોજવામાં આવી હતી, જેમાં શિક્ષકોએ બોટ, રેઈનબો, કેક, ટેડિબેર, ફિશ અને આઈસક્રીમ જેવાં અવનવાં ચિત્રો બનાવી 'પેપર ક્રમ્બ્લિગ' એક્ટિવિટી બાળકોને કરાવી હતી. બાળકોએ પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક આ એક્ટિવિટીમાં ભાગ લીધો હતો.

## શેઠ સી એમ હાઈસ્કૂલમાં વન મહોત્સવ




ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સેક્ટર-૨૩ ખાતે મેગા વન મહોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આચાર્ય ડૉ. ચેતના બૂચે મહેમાનોનો પરિચય કરાવી 'એક બાળ-એક ઝાડ' શાળા વનીકરણ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને જીવનમાં વૃક્ષોનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડેપ્યુટી મેયર નાંઝાભાઈ ઘાંઘરે હાજર રહી તમામ બાળકોને 'આપણી પ્રાર્થનામાં વૃક્ષોની પ્રાર્થના પણ સામેલ કરવી જોઈએ, એક સારા રમતવીર બનો, સારા પ્રકૃતિપ્રેમી બનો, સારા સમાજસેવક બનો, ડૉક્ટર, એન્જીનીયર ફાર્માસીસ્ટ ભલે બનો પરંતુ સારા માનવી જરૂર બનજો, શાળામાં સુંદર દૃષ્ટાંતો આપી વૃક્ષોનું મહત્વ સમજાવી અને સાચા લોકસેવક તરીકે જીવવાનો વિદ્યાર્થીઓને રાહ ચીંધ્યો હતો. આ પ્રસંગે શાળાના ૭૦૦ વિદ્યાર્થીઓએ વૃક્ષોનું મહત્વ સમજાવી સૂત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. ત્રણ વિદ્યાર્થીઓ વિજેતા ઘોષિત કરાયા હતા. અનુક્રમે પ્રથમ પી. ગુલવે (પર્યાવરણને ડંખી રહ્યો, પ્રદૂષણનો સાપ વિકરાળ, વૃક્ષો ઉછેરો,જીવન જીવો દીર્ઘકાળ) કક્ષ કે પટેલ (એક વૃક્ષ વાવો, સો દૂઆ પાઓ) અને દીપ કે પટેલ (ચાલો કરીએ વૃક્ષોનું જતન, આબાદ રહે આપણું વતન) વિજેતા બન્યા હતા.

આ પ્રસંગે મહેમાનોના હસ્તે શાળાના મેદાનમા ૪૦૦૦ વૃક્ષો વાવ્યા હતા. જેમાં જે.બી. પ્રાથમિક શાળાનો પણ સહયોગ રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન સુપરવાઈઝર મુકેશભાઈ, બીપિનભાઈ તથા કનુભાઈએ કર્યું હતું. આ કાર્યક્રમની કામગીરીમાં શાળાના શિક્ષક અશોકગીરી ગોસ્વામી, લાભુભાઈ દેસાઈ, સંજયભાઈ પટેલ, મહેશભાઈ ખોરસ્મા, સુનિલભાઈ દવે તથા શ્રીમતી બિંદુબેન ચૌહાણનો ફાળો રહ્યો હતો.

## જન્મદિને વધામણી



રશ્મિકુંવરબા છત્રસિંહ ચૌહાણ



ઘનશ્યામદાસ લુલ્લા

## આજે ભવન્સ હૉલમાં શિવભક્તિનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા "આઉટરીચ કલ્ચરલ પોગ્રામ" શ્રેણી અંતર્ગત શ્રાવણ માસ અને શિવભક્તિને અનુરૂપ એક નવતર કાર્યક્રમનું આયોજન "નગર મેં જોગી આયા..." શીર્ષક સાથે કરવામાં આવ્યું છે. પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન શિવની ભક્તિમાં ગુજરાતના જાણીતા સંગીતકાર એવા યોગેશગીરી ગોસ્વામી તથા સાથી કલાકારો દ્વારા શિવભક્તિ કરવામાં આવશે. શિવ મહિમા વર્ણવતા ભજનો અને બીજા અલગ-અલગ શિવજીના સુંદર ગીતોની રજૂઆત કરવામાં આવશે. મુખ્ય ગાયક રજત મહેતા અને મુખ્ય ગાયિકા અંજલીબેન પ્રજાપતિ હશે. તારીખ ૪ ઓગષ્ટ ને રવિવારે સાંજે ૮.૩૦ કલાકે ભવન્સ જે. એ. હોલમાં યોજવામાં આવેલ આ કાર્યક્રમ જાહેર જનતા માટે તદ્દન નિશુલ્ક છે.

## એસ વી અંગ્રેજી સ્કૂલમાં 'રેઈનબો ડે'ની ઉજવણી



ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'રેઈનબો ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો ઈંદ્રધનુષના સાત રંગો પ્રમાણે રંગીન વસ્ત્રો પરિધાન કરી શાળામાં આવ્યા હતા. વાલીઓએ બાળકો સાથે ઈંદ્રધનુષના મોડેલ, ચાર્ટ, સપ્તરંગી તોરણ, સપ્તરંગી છત્રી, સપ્તરંગી બોટ વગેરે મોકલી પોતાનો અમૂલ્ય સહયોગ આપ્યો હતો. શિક્ષકોએ બાળકોને ઈંદ્રધનુષના સાત રંગો વિષે માહિતી આપી, તેનું મહત્વ સમજાવી, 'Colour Colour, Which Colour ?' નામની ગેમ રમાડી હતી, જેથી બાળકોએ 'learn with fun'ની મજા માણી હતી.અંતમાં, શાળા દ્વારા કૃત્રિમ વરસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં બાળકોએ 'Rainbow Song' ઉપર મન ભરીને ડાંસ પણ કર્યો હતો. શિક્ષિકાઓએ પણ ઈંદ્રધનુષના સાત રંગો મુજબ વસ્ત્રો પરિધાન કરી, ઈંદ્રધનુષનું સર્જન કરી, અદભૂત માહોલ ઉભો કર્યો હતો.



એક બાળક - એક વૃક્ષ ઉપક્રમ અંતર્ગત સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, ચિલોડામાં ૬૦૦ જેટલા છોડ રોપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સ્કૂલના વિશાળ પરિસરમાં આ છોડ રોપવામાં આવ્યા હતા.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં સેવાકાર્યો







ગાંધીનગર, તા. ૩

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની પાંચ શાળામાં સ્કેચ પેન, પેન્સિલ, પેન, ચોપડા, નોટબૂક વગેરે અભ્યાસ સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. બોરનાલા-૧, ખાખલઘરા, ઓડ, રાનીઓડ તથા છાત્રેશ્વરીની શાળાઓને આ સેવાકાર્ય અંતર્ગત આવરી લેવામાં આવી હતી. બે સ્કૂલમાં વિદ્યાર્થીઓને નાસ્તો અને પગરખાં પણ આપવામાં આવ્યાં હતાં. રાનીઓડ અને છાત્રેશ્વરી શાળામાં ધોરણ-૫થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હાઉનસીની રમત રમાડવામાં આવી હતી, જે તેમના માટે સાવ નવી જ રમત હતી. સૌએ આનંદથી આ રમતમાં ભાગ લીધો હતો. સંસ્થા તરફથી યોગેશ, મોન્ટુ અને મિલિન્દભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# બાળક, બાળપણ અને માતૃભાષા

**માતૃભાષા-ચિંતન**

**હર્ષદ પ્ર. શાહ**

આજકાલ કેટલાંક માતાપિતા એમ વિચારતાં હોય છે કેબ ાળકને માતૃભાષા નહીં આવડે તો ચાલશે, અંગ્રેજી તો આવડવું જ જોઈએ !

કેવી વિચિત્ર ભ્રમણા ! વિચારવાની દિશા કેટલી ખોટી ! બાળકને માતૃભાષાથી અળગો કરી દઈને એને કેટલો અન્યાય કરે છે આવાં માતાપિતા ! આધુનિકતાની દોડમાં કેવી વૈચારિક વિકૃતિ ! શું આટલી હદે પણ વિચારી શકાય ? કોઈ બાળકને માતા વિના ચાલે ખરું ? શું કોઈ જનસમાજને એની ભૂમિ વિના... માતૃભૂમિ વિના ચાલે ખરું ? ના... તો શું બાળકને એની માતૃભાષા વિના ચાલે ? આ સંદર્ભમાં મહાત્મા ગાંધીજીના વિચારો જાણીએ :

'હું ચોક્કસ માનું છું કે રાષ્ટ્રનાં બાળકો પોતાની ભાષાને બદલે બીજી ભાષાના માધ્યમ મારફતે ભણે છે, તે ખરેખર આપઘાત વહોરે છે. પારકી ભાષાનું માધ્યમ તેમનો જન્મસિદ્ધ હક્ક પડાવી લે છે. એવું માધ્યમ બાળક પર નાહક બોજો નાખે છે અને તેમની વિચાર અને કલ્પનાની અસહ્ય શક્તિને હણે છે. એથી એમનો વિકાસ રુંધાય છે અને તે બધાં પોતાનાં કુટુંબથી પરાયાં બનીને નિઃસહાય બની જાય છે. તેથી હું પારકી ભાષાના માધ્યમને રાષ્ટ્રને માથે આવી પડેલી કરુણમાં કરુણ અને સૌથી મોટી આફત લેખું છું.

મને રજભાર શંકા નથી કે તરુણોને કેળવણી આપવાનું કાર્ય જેમના હાથમાં છે તે બધા એક વાર નિશ્ચય કરે તો તેમને આપોઆપ સૂઝશે કે બચ્ચાના શરીરના વિકાસ માટે જેમ માનું દૂધ દેવું જરૂરી છે, તેવી જ રીતે માણસના મનના વિકાસ માટે માતૃભાષા જરૂરી છે. એથી જુદી વાત સંભવે જ કેમ ? બચ્ચું પહેલો પાઠ મા પાસેથી જ શીખે છે. એથી બાળકોના માનસિક વિકાસ માટે તેમની માતૃભાષાથી જુદી ભાષા તેમના પર ઠોકી બેસાડવાની વાતને હું માતૃભૂમિનો દ્રોહ કરવા જેવું ગણું છું.'

(ગાંધીજીનો અક્ષરદેહ : પૃષ્ઠ ૪૨૯)

બાળકને માતૃભાષા નહીં આવડે તો ચાલશે, અંગ્રેજી તો આવડવું જ જોઈએ. આ નરી સ્વાર્થપૂર્ણ વાત છે. શું આપણે સ્વતંત્ર ભારતના નાગરિકો વિચારમાં આટલા બધા પરતંત્ર અને સંકીર્ણ (સંકુચિત) બની શકીએ ? માતૃભાષા ન આવડે તો એટલા માટે ચાલે કે એને કારણે કંઈ સારી સરકારી નોકરી નથી મળી જવાની... અંગ્રેજી એટલા જ માટે આવડવું જોઈએ કે તે પૈસા કમાઈ આપે છે ! ભાષામાં પણ આટલી બધી વેપારી દૃષ્ટિ !

વાસ્તવમાં તો માતૃભાષા શિક્ષક નહીં, માતા શીખવે છે પણ માતા જ માતૃભાષા સારી રીતે ન જાણતી હોય અને ફૅશનેબલ અંગ્રેજી કે ગુજરેજી (ગુજરાતી અને અંગ્રેજીની ભેળપુરી !) જ જાણતી હોય તો બાળકને એ કઈ ભાષા શીખવશે ?

'માતૃભાષાના અભાવ' અને 'અંગ્રેજીના પ્રભાવ'થી છેવટે આપણે શું મેળવીશું ?

બાળક જે ભાષામાં વિચારે... જે ભાષામાં સ્વપ્ન જુએ... જે ભાષામાં ગુસ્સો કરે... જે ભાષામાં હસે અને જે ભાષામાં રડે... તે એની ભાષા. શું માતૃભાષા સિવાય બીજી કોઈ ભાષામાં આવું થઈ શકશે ? જે ધરતીમાં આપણે જીવીએ છીએ એની મહેક... એની સુવાસ કઈ ભાષામાં વ્યક્ત થાય ? ભાષા એટલે શબ્દ દ્વારા અર્થ, અર્થ દ્વારા ભાવ અને ભાવ દ્વારા એકાત્મતાની અનુભૂતિ ! શું માતૃભાષા, રાષ્ટ્રભાષા કે સંસ્કૃત વિના અન્ય કોઈ ભાષા એકાત્મતાની અનુભૂતિ કરાવી શકશે ?

વાસ્તવિકતા ખૂબ જ કડવી છે. અંગ્રેજી થોડું ઘણું પણ જાણતાં કે બોલતાં થઈ જાય એટલે એ બાળકો પોતાને બીજાથી જુદાં અને ઊંચાં માને છે. એમનામાં ગુરુતાગ્રંથિનું નિર્માણ થાય છે. સમાજ પણ ગુલામીની મનોદશામાં જીવતો એટલો બધો નમાલો થઈ ગયો છે કે આવી ગ્રંથિને પોષે છે. પરિણામે અંગ્રેજી ન ભણી શકતાં કે ન સમજી શકતાં બાળકો લઘુતાગ્રંથિથી પીડાય છે. અને આમ સમાજ બે ભાગમાં વિઘટિત થતો જાય છે. જે ભાષા દેશને તોડવાનું કામ કરે છે એને આટલું બધું મહત્ત્વ આપવાનું ? ભાષાનું કામ તો પરસ્પર જોડવાનું હોય છે.

મનુષ્યના ક્રમિક વિકાસનાં પગથિયાં છે : સાંભળવું, બોલવું, વાંચવું, લખવું, યાદ રાખવું, સમજવું, ચિંતન-મનન કરવું અને ભાવાનુભૂતિ કરવી. શું સ્વભાષાના પરિષ્કાર વિના આ શક્ય છે ?

ભારતના શ્રેષ્ઠ શિક્ષણચિંતક અને મનોવિજ્ઞાની પ્રૉ. યશપાલ કપૂર કહે છે, 'બાળકનું મગજ આરંભમાં સ્વર, પ્રતીકો અને અર્થ સાથે જ્ઞાનતંતુઓનો સંબંધ પોતાની માતૃભાષામાં જોડવાનું શરૂ કરે છે. બાળકના મગજનો વિકાસ તેની આસપાસના ભાષાકીય વાતાવરણ સાથે નિર્ણયાત્મક રીતે સંકળાયેલો છે. તેથી બાળકને પોતાની માતૃભાષામાં શીખવા ન દેવું તે એમની સામેનો બહુ મોટો ગુનો છે.'

માતૃભાષાના પાયા પર અંગ્રેજી અથવા કોઈ પણ ભાષા શીખવા સામે મારો લેશમાત્ર વિરોધ નથી. પણ માતૃભાષાના ભોગે કેવળ અંગ્રેજી શીખવા સામે મરો સખત વિરોધ છે. ભારતીય બાળકોને અંગ્રેજી કવેળાએ શીખવી દેવાની ઘેલછા એટલે ભારતનો આંબો ઈંગ્લેન્ડની ધરતીમાં રોપવા બરાબર છે. ઈંગ્લેન્ડનાં બાળકોને ગુજરાતી કે હિન્દીમાં શિક્ષણ આપી તો જુઓ ! એમની શી વલે થાય છે ! એવી જ દશા શું અંગ્રેજીમાં શિક્ષણ મેળવતાં આપમાં બાળકોની નહીં થતી હોય ?

વળી, અંગ્રેજી શિક્ષણની સાથે સાથે પાશ્ચાત્ય સંસ્કારો પણ બિલ્લીપગે પ્રવેશે છે. જે બાળકમાં માતૃભાષા અને સ્વદેશી સંસ્કારોનો પાયો નથી રચાયો અને સીધો અંગ્રેજી શિક્ષણના વાતાવરણમાં ભણે છે એની જીવનશૈલી કેટલું રૂપ ધારણ કરે છે તે જરા જોઈએ...

જેમનો જન્મ ભારતની ભૂમિ પર થયો છે તે પોતાનો જન્મદિવસ ભારતીય શૈલીથી ઉજવવાને બદલે પરદેશની વાનરનકલ કરીને ઊજવે છે. અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકનો જન્મદિવસ પણ અંગ્રેજી ઢબે જ ઊજવવો જોઈએને ! ઘરમાં સુખડી-લાપસી બનવાને બદલે બજારમાંથી કેક આવે... ભલેને પછી એમાં ઈંડાનો રસ હોય ! અહિંસા પરમો ધર્મ ! રંગબેરંગી કાગળોમાં તોરણો અને ફુગ્ગાઓથી શણગાર થાય. બાળકને સૂટ અને ટાઈમાં બાંધી દેવામાં આવે... જાણે ચાવીથી ચાલતું રમકડું ! કેક ઉપર સળગતી મીણબત્તીઓને બાળક ફૂંક મારીને બુઝાવે. 'હેપી બર્થ ડે ટુ યુ'ના સ્વરો બધાનાં ગળામાંથી ફૂટી નીકળે. કેક પરની મલાઈ બધાંના મોઢે ચોપડીને વિકૃત આનંદ માણવામાં આવે. બાળકને બધા 'ગિફ્ટ' આપે. બાળકને મળેલી ભેટોનો સંખ્યા ઉપરથી જન્મદિનની ઉજવણીની સફળતા મપાય ! બાળકને અહમ્ કેળવવાનું શિક્ષણ મળે. ભારતીય સંસ્કૃતિમાં દીવો પેટાવવાનો હોય છે, પશ્ચિમની સંસ્કૃતિમાં મીણબત્તીની જ્યોત બુઝાવવાની હોય છે. જન્મદિવસે ત્યાગ અને શુભ સંકલ્પો શીખવવાના હોય કે ભોગ અને લાલસાની વૃત્તિ વધારવાની હોય ?

જેમણે અંગ્રેજી કેળવણી અને સંસ્કારોની જીવનશૈલી અપનાવી લીધી હોય એવાં અસંખ્ય માતાપિતા - પરિવારો વિદેશી ઢબથી જન્મદિવસ ઉજવવામાં ગૌરવ અનુભવે છે. આ છે આત્મગૌરવહીનતાની પરાકાષ્ઠા !


મિત્રો, લેખના અંતે એક સ્પષ્ટતા કરું. મારો આ કટાક્ષ ભાષા માટે નથી, ભાષાની પાછળ આવતી વિકૃતિઓ માટે છે. શું આ બધું આપણે અનુભવતા નથી ? પણ એકબીજાની નકલ કરવામાં આપણને આપણો મોભો સચવાતો હોય એવું લાગે છે. ધારીએ તો આ એક ઝાટકે છોડી શકીએ, નહીં તો ગુલામ બનીને જીવતા રહીએ !

## ખિલાફત અને...

॥ ત્રીજો મણકો ॥

તમારો બહિષ્કાર ભલે રહે, પણ એથી વધારે જલદ વસ્તુ તમારે બતાવવી જોઈએ.' આમ મૌલાના પોતાના ભાષણમાં બોલ્યા. આ ભાષણ હું સાંભળી રહ્યો હતો. વિદેશી વસ્ત્રના બહિષ્કાર ઉપરાંત કંઈક બીજું ને નવું બતાવવું જોઈએ એમ મને લાગ્યું. વિદેશી વસ્ત્રનો બહિષ્કાર તુરત ન થઈ શકે એમ મને તે વખતે તો સ્પષ્ટ હતું. ખાદી સંપૂર્ણ ઉત્પન્ન કરવાની આપણી શક્તિ ઈચ્છીએ તો આપણામાં છે એમ જે હું પાછળથી જોઈ શક્યો, તે હું એ વેળા નહોતો જાણતો. એકલી મિલ તો દગો દે એ મને ત્યારે પણ ખબર હતી. મૌલાના સાહેબે પોતાનું ભાષણ પૂરું કર્યું ત્યારે હું જવાબ દેવા તૈયાર થઈ રહ્યો હતો. મને ઉર્દૂ હિંદી શબ્દ તો હાથ ન લાગ્યો. આવા ખાસ મુસલમાનોના જલસામાં દલીલોવાળાં ભાષણ કરવાનો આ મારો પહેલો અનુભવ હતો. કલકત્તામાં મુસ્લિમ લીગમાં હું બોલ્યો હતો તે થોડી મિનિટનું ને હૃદયસ્પર્શ કરનારું જ ભાષણ હતું. પણ અહીં મારે વિરુદ્ધ મતવાળી સમાજને સમજાવવાનું હતું. પણ મેં શરમ છોડી હતી. દિલ્હીના મુસલમાનોની પાસે મારે શુદ્ધ ઉર્દૂમાં છટાદાર ભાષણ નહોતું કરવાનું, પણ મારા કહેવાની મતલબ મારે તૂટીફૂટી હિંદીમાં સમજાવવાની હતી. એ કામ હું સારી રીતે કરી શક્યો. હિંદી-ઉર્દૂ જ રાષ્ટ્રભાષા બને એનો આ સભા પ્રત્યક્ષ પુરાવો હતી. જો મેં અંગ્રેજીમાં ભાષણ કર્યું હોત તો મારું ગાડું આગળ ચાલત નહીં; અને મૌલાના સાહેબે જે હાકલ કરી તે કરવાનો વખત ન આવ્યો હોત, અને આવત તો મને જવાબ આવડત નહીં. ઉર્દૂ કે ગુજરાતી શબ્દ હાથ ન આવ્યો તેથી શરમાયો, પણ જવાબ આપ્યો. મને 'નૉન-કોઑપરેશન' શબ્દ હાથ આવ્યો. મૌલાના ભાષણ કરતા હતા ને મને થયા કરતું હતું કે, તે પોતે ઘણી બાબતમાં જે સરકારને સાથ દઈ રહેલા છે તે સરકારના વિરોધની વાત કરે છે એ ફોગટ છે. (ક્રમશઃ)

150 ગાંધીયાત્રા



'સત્યના પ્રયોગો'માંથી સાભાર